# નાનાવાડા હાઈસ્કુલમાં ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દીન ઉજવણી

રાજેન્દ્રનગર તા.૧૫

શ્રી એન પી પટેલ હાઈસ્કુલ માધ્યમિક વિભાગ અને શ્રી બી. જે. પંચાલ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વાડામાં ભારતીય માનક બ્યુરો અમદાવાદ તથા ગ્રાહક હિત સુરક્ષા મંડળ




પ્રાંતિજ જીલ્લો સાબરકાંઠા ના સંયુક્ત ઉપક્રમે આજરોજ શ્રી નાનાવાડા હાઈસ્કૂલના પટાંગણમા ભારતીય માનક બ્યૂરો અમદાવાદના જોઈન્ટ ડાયરેક્ટર માનવેન્દ્રસિંહ તથા ડેપ્યુટી ડાયરેક્ટર ચિરાગ શાહ તેમજ નટુભાઈ આર બારોટ પ્રમુખ ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ દ્વારા મોટી સંખ્યામાં જનમેદની ની ઉપસ્થિત મા શાળાના બાળકો તથા ગ્રામજનોની હાજરી મા સોના-ચાંદીના ઘરેણાં અને ગુણવત્તા કઈ રીતે જાણી શકાય તેમજ ખરીદી કરવામાં આઈએસઆઈ એગમાર્ક વગેરેની સુંદર મજાની છણાવટ કરવામાં આવી જેમાં ઉપસ્થિત લોકોને ગુણવત્તાયુક્ત ખરીદી કરી શકે તે માટેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું આ પ્રસંગે નાનાવાડા વિસ્તાર કેળવણી મંડળના પ્રમુખ શ્રી દલસુખભાઈ જે પટેલ મંત્રી પ્રવીણભાઈ પ્રજાપતિ ટ્રસ્ટી વિનોદચંદ્ર એસ ઉપાધ્યાય તેમજ કારોબારી સદસ્ય ગ્રામજનો અને શાળાના બાળકો ઉપસ્થિત હતા શાળાના આચાર્યશ્રી અશોક કુમાર એલ પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા પ્રદર્શિત કરવામાં આવી સમગ્ર કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક કે બી પટેલ દ્વારા કરવામાં આવ્યું શાળાના સ્ટાફ અને ઉપસ્થિત સર્વે નો આભાર માની કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો સમગ્ર સ્ટાફ ની કામગીરી સરાહનીય રહી હતી.

# મોડાસા નાગરીક બેંક ચૂંટણીમાં ઘોડાની પેનલનો ભવ્ય વિજય

## મોડી રાત્રે વિજય સરઘસ નીકળ્યું, વાઘ પેનલમાંથી બે ઉમેદવારો વિજેતા

મોડાસા, તા. ૧૫

ઉત્તર ગુજરાતમાં સહકારી નાણાકીય સહકારી સંસ્થાઓમાં અગ્ર સ્થાન ધરાવતી મોડાસા નાગરીક સહકારી બેંકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૫ બેઠકો પૈકી સ્ત્રી અનામતની બે બેઠકો અને એસ.સી-એસટીની ૧ બેઠક બિનહરીફ થઈ છે ૧૨ બેઠકો માટે રવિવારે ચૂંટણી યોજાઈ હતી જેમાં ઘોડાની પેનલમાં ૧૦ ઉમેદવારો અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારો ચૂંટણી જંગમાં જંપલાવ્યું હતું ઘોડા અને વાઘની પેનલ વચ્ચે ભારે રસાકસી જોવા મળી હતી રવિવારે યોજાયેલ ચૂંટણીમાં મતદાન પ્રકરીયા પૂર્ણ થયા બાદ રાત્રે મતગણતરી હાથધરવામાં આવી હતી જેમાં ઘોડાની પેનલનો ભવ્ય વિજય થતા વિજેતા ઉમેદવારો અને ટેકેદારોમાં ભારે ઉત્સાહ સાથે વિજય સરઘસ



કાઢ્યું હતું ઘોડાની પેનલના વિજેતા ઉમેદવારો પર અભિનંદનની વર્ષા થઈ હતી વાઘની પેનલમાંથી બે ઉમેદવારોનો વિજય થયો હતો વાઘ પેનલના ઉમેદવારો અને ટેકેદારોમાં સોંપો પડી ગયો હતો.

મોડાસા નાગરિક સહકારી બેંકમાં ઘોડાની પેનલના ૧૦ ઉમેદવારોનો ભવ્ય વિજય થતા રવિવારે મોડી રાત્રે શહેરના માર્ગો પર ઘોડાની પેનલના ઉમેદવારો અને ટેકેદારોએ ભવ્ય વિજય સરઘસ કાઢ્યું હતું અને ટેકેદારો ડીજેના તાલે વિજયોત્સવ મનાવ્યો હતો મોડાસા નાગરિક સહકારી બેંકની ચૂંટણી જાહેર થતાની સાથે શહેરના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો જેમાં છેલ્લે ઘોડાની પેનલમાંથી ૧૦ અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં જંપલાવ્યું હતું મતદારોને રીઝવવા બંને પેનલના ઉમેદવારોએ એડીચોંટીનું જોર લગાવ્યું હતું અને મતદાન મથક સુધી લાવવા અને બંને પેનલના ઉમેદવારોએ તેમની પેનલ તરફી મતદાન કરવા મતદાન મથક બહાર છેલ્લી ઘડી સુધી રિઝવતા નજરે પડ્યા હતા મોડાસા નાગરિક બેંકનું સુકાન સોંપવા મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા સાંજે મતગણતરી હાથધરવામાં આવી હતી જેમાં સભાસદોએ ઘોડાની પેનલ પર મહોર મારી બેંકનો વહીવટ સોંપ્યો હતો.

# હિંમતનગરના વોર્ડ નં-૬ના મોતીપુરા વિસ્તારમાં પીવાનું પાણી દૂષિત આવતા સ્થાનિક રહીશો ત્રાહિમામ્

## દૂષિત પાણીને લઇને રહીશોના આરોગ્ય ઉપર ખતરો મંડરાઈ રહ્યો છે : પીવાનું પાણી ડહોળું આવતા પાણીની ગુણવત્તા સામે પણ સ્થાનિકોમાં ભારે આક્રોશનો માહોલ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૫

હિંમતનગર શહેરના નગરપાલિકા હદ વિસ્તારમાં આવતા વોર્ડ નં-૧ થી વોર્ડ નં-૯ માં વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી પ્રમાણસર અને નિયમિતપણે ના આવતું હોવાની સાથે પાણી ડહોળું - દૂષિત આવવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે હવે ઉનાળાની કાળઝાળ ગરમીનું પણ આગમન થવા પામ્યું છે ત્યારે ખરા ઉનાળાના ટાણે જ પીવાના પાણીની સમસ્યાઓ હલ ન થઈ હોવાનો સુર રહીશો ઉઠાવી રહ્યા છે વોર્ડ નં-૬ માં વારંવાર ઉપસ્થિત થતાં પાણીના પ્રશ્નો અંગે તંત્ર દ્વારા નવો બોર પણ બનાવવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી વિસ્તારમાં પાણી પુરતા ફોર્સથી ના આવતુ હોવાની સાથે પીવાનું પાણી ડહોળું આવતા પાણીની ગુણવત્તા સામે પણ સ્થાનિકોમાં ભારે આક્રોશ નો માહોલ ઊભો થવા પામ્યો છે

હિંમતનગર નગરપાલિકા તંત્ર દ્વારા પાણીની વિકટ સમસ્યાના નિરાકરણ અંતર્ગત વર્ષો જૂની લાઈનો પણ અપગ્રેડ કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ હાલની પરિસ્થિતિ જોઈએ તો વિવિધ વિસ્તારોમાં પાણીના પોકાર મામલે વારંવાર ફરિયાદો સ્થાનિકોના રોષનું કારણ બનવા પામી છે વળી વોર્ડ નં-૬ માં છેલ્લા એક માસથી દુષિત અને ડહોળું પાણી આવવાથી ગૃહિણીઓમાં ભારે રોષ નુ માહોલ જોવા મળી રહ્યો છે

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ વૈશ્વિક મહામારી કોરોનાના કેસો દિન-પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે કોરોના



મહામારી ને ડામવા લોકોને તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવા અપીલ કરાઈ રહી છે ત્યારે બીજી તરફ હિંમતનગર નગરપાલિકા તંત્રની બેદરકારી સામે આવી છે

હિંમતનગરના વોર્ડ નં-૬ ના મોતીપુરા વિસ્તારની નિજાનંદ નગર , પૃથ્વી નગર , સાબરકુંજ સોસાયટી સહિત મોડન હાઈસ્કુલ વિસ્તારમાં પીવાનું પાણી દૂષિત આવતા સ્થાનિકોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે રહીશોએ જણાવ્યું હતું કે દુષિત અને ડહોળા પાણી અંગે નગરપાલિકા તંત્ર અને સ્થાનિક કક્ષાએ અવારનવાર રજૂઆતો કરવા છતાં દુષિત પાણીની સમસ્યાનું કોઈ નિવેડો આવતો નથી.

વોર્ડ નં-૬ માં પાણીની સમસ્યા અંતર્ગત નર્મદાનું પાણી પૂરું પાડવામાં આવે છે નર્મદાનું પાણી પૂરું પાડવામાં આવતું હોવા છતાં પાણી ડોહળુ અને દૂષિત આવતા પાણીનો પ્રશ્ન યથાવત હોવાનો આક્રોશ સ્થાનિક રહીશો કરી રહ્યા છે

વોર્ડ નં-૬ માં આવેલ નિજાનંદ નગર , પૃથ્વી નગર , સાબરકુંજ સોસાયટી સહિત મોડન હાઈસ્કુલ વિસ્તારમાં છેલ્લા એક માસથી પીવાનું પાણી ડહોળું અને દૂષિત આવતા રહીશોમાં આરોગ્ય સામે ખતરો ઉભો થતાં સ્થાનિક અગ્રણીઓને તેમજ વહીવટી તંત્ર દ્વારા આ સમસ્યાને તપાસ કરી નિરાકરણ લાવવા અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે પરંતુ પરિસ્થિતિ જૈસે થે ની પરિસ્થિતિમાં હોવાથી વિસ્તારની ગૃહિણીઓમાં ભારે કકળાટ જોવા મળી રહ્યો છે ત્યારે વોર્ડ નં-૬ માં પીવાનું દૂષિત અને ડહોળું પાણી ના વપરાશની લઈને સ્થાનિક લોકોનું આરોગ્ય જોખમાય નહીં અને પાણીના પોકાર ની કાયમ માટે નગરપાલિકા તંત્ર દ્વારા અસરકારક આયોજન થાય અને પીવાનું પાણી શુદ્ધ મળી રહે તેવી લોક માંગ પ્રબળ બની છે.

# નેત્રામલી નવગામ લેઉવા પાટીદાર સમાજવાડી ખાતે ભાગવત કથા પારાયણ યોજાઈ



નેત્રામલી, તા. ૧૫

ઈડર તાલુકાના નવગામ લેઉવા પાટીદાર સમાજવાડી કૃષ્ણનગર - નેત્રામલી ખાતે સાચોદર નિવાસી અ.નિ. દિવાબેન માધુભાઈ પટેલની પંદરમી પુણ્યતિથિ નિમિત્તે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથા પારાયણ તારીખ ૧૦/૩/૨૧ થી ૧૪/૩/૨૧ સુધી કથાના વક્તા સ્વામી રામકૃષ્ણદાસજી કોટેશ્વર ગુરુકુલ, અમદાવાદ તથા કથાના સંચાલક સ્વામી સિધ્ધેશ્વરદાસજી સ્વામિનારાયણ મંદિર ઈડર દ્વારા આયોજન કરવામાં આવ્યું. જેમાં આજુબાજુના વિસ્તારના ધર્મપ્રેમી ભાઈ - બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી કથાનું રસપાન કરી પ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ પદે વિરેન્દ્ર પટેલ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે વિરેન્દ્ર જશુભાઈ પટેલ(વિકીભાઈ), બાયડ અને મહામંત્રી તરીકે ગોપાલભાઈ પટેલની નિયુક્તિ કરાતાં અરવલ્લી જિલ્લાના તમામ તલાટી કમ મંત્રીઓએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# બનાસકાંઠા ત્રણેય પાલિકામાં ભાજપના પ્રમુખ - ઉપપ્રમુખની વરણી

ડીસા, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા અને ભાભર ખાતે તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે બહુમતી મેળવ્યા બાદ આજે સોમવારે ત્રણેય પાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી.જે ત્રણેય પાલિકા પર ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ડંકો વગાડ્યો છે. ત્રણેય પાલિકા પર બહુમતી મેળવ્યા બાફ આજે પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકેની ચૂંટણી યોજાઈ





હતી. જેમાં પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હેતલબેન રાવલ અને ઉપપ્રમુખ તરીકે હસમુખભાઈ પઢીયારની વરણી કરવામાં આવી છે. તો આ તરફ ભાભર નગરપાલિકાના પ્રમુખ તરીકે રોહિત આચાર્ય અને ઉપપ્રમુખ તરીકે પ્રભાતસિંહ રાઠોડની વરણી કરવામાં આવી છે. જ્યારે હંમેશા વિવાદમાં રહેતી ડીસા નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી બિનહરીફ થઈ ગઈ છે. ડીસા નગરપાલિકાના પ્રમુખ તરીકે રાજુભાઇ બુલચંદભાઈ ઠક્કર અને ઉપપ્રમુખ તરીકે સવિતાબેન જીજ્ઞેશભાઈ હરિયાણીની બિન હરીફ વરણી થતા ભાજપના ખેમામાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ છે.

# અરવલ્લી જિલ્લાના અનેક પ્રા.શિક્ષકો ૯ના ગ્રેડ-પે થી વંચિત, વિભાગમાં ખાટલે ખોડ કે પછી અન્ય કંઈ..??

## રૂા.૫૦૦૦ આપ્યા તેમનું ગ્રેડ-પે મંજૂર થયાની પ્રા.શિક્ષકોમાં ગરમા ગરમ ચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

અરવલ્લી જિલ્લાની સરકારી પ્રા.શાળાઓમાં ફરજ બજાવતા, વર્ષ-૨૦૦૪માં ભરતી થયેલા અનેક પ્રા.શિક્ષકોને તેમના હક્કનો ૯ નો ગ્રેડ-પે ના લાભથી વંચિત રાખવાનું પાપ સ્થાનિક તાલુકા સંઘના ભ્રષ્ટ અધિકારીઓ કરી રહ્યા છે. વિભાગમાં ખાટલે ખોડ છે કે પછી અન્ય કંઈ..?? આ બધી બાબતોમાં મેઘરજ તાલુકામાંથી એવી ફરિયાદ ઉઠી છે કે જેમને રૂા.૫૦૦૦ આપ્યા તેમનું ગ્રેડ-પે મંજૂર થયું છે અને અન્ય પ્રા.શિક્ષકોના ગ્રેડ-પે મંજૂર કરવાની દરખાસ્તો છેલ્લા ૩-૪ વર્ષથી ધૂળ ખાઈ રહી છે. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, નાયબ ડી.પી.ઓ. સમીરભાઈ પટેલના પારદર્શક વહીવટ સામે શંકાને કોઈ કારણ નથી પરંતુ કેટલાક તાલુકાના ટી.પી.ઓ.ની ઉઘરાણા નીતિથી અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ બદનામ થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી ૯, ૨૦ અને ૩૧ નો ગ્રેડ-પે મંજૂર કરવા માટે રીતસરના પૈસા ખંખેરાતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. જેમાં મેઘરજ તેમજ અન્ય તાલુકાઓમાંથી મળેલી ફરિયાદ મુજબ સ્થાનિક ટી.પી.ઓ.ને પ્રા.શિક્ષકોના હક્કનાં નાણાં મળે તેમાં રસ નથી જેના કારણે વારંવારના રીમાઈન્ડર છતાં ૯ નો ગ્રેડ-પે મંજૂર કરવામાં આવતો નથી. વર્ષ-૨૦૦૪ માં ભરતી થયેલા પ્રા.શિક્ષકોને આમ તો વર્ષ-૨૦૧૩-૧૪ માં ૯નો ગ્રેડ-પે મંજૂર કરી એરીયર્સની રકમ તેમના બેન્ક ખાતા મારફતે જમા આપવાની હોય પરંતુ ૭-૭ વર્ષ પછી પણ ૯ નો ગ્રેડ-પે પ્રા.શિક્ષકોને નસીબ થયો નથી.

## જન્મદિને વધામણી



વાળંદ તિર્થ રાકેશકુમાર
ગઢા, તા.મોડાસા



રાઠોડ ઋત્વિક સંજયકુમાર
ગોગાજીના મુવાડા (અંતિસર)



રાઠોડ તાનિયા સંજયકુમાર
ગોગાજીના મુવાડા (અંતિસર)



હિતાર્થ કમલભાઈ મિસ્ત્રી
મોડાસા (સોનાસણ)


### અરવલ્લીમાં તસ્કરોની જમાવટ

# ભાગ્યલક્ષ્મી સોસાયટીના બે બંધ મકાનમાં ત્રાટકી લાખ્ખો રૂપિયાની ચોરી

## નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ

મોડાસા, તા. ૧૫

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકીએ જમાવટ કરી હોય તેમ સતત ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે શની-રવીની રજાઓમાં બંધ મકાન,દુકાનમાં તસ્કર ટોળકી ત્રાટકી ચોરી-લૂંટ કરી રફુચક્કર થઈ જતા રહેણાંક વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ પ્રબળ બની છે મોડાસા શહેરની ભાગ્યલક્ષ્મી સોસાયટીને તસ્કર ટોળકી એ નિશાન બનાવી રાત્રી દરમ્યાન બે બંધ મકાનના તાળા-નકૂચા તોડી અંદાજે રૂપિયા દોઢ લાખની રોકડ સહિત સોના-ચાંદીના દાગીનાની ચોરી થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરની ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા નિખીલભાઈ ચૌહાણના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા મુખ્ય દરવાજાને લગાવેલ તાળું નકુચા સાથે તોડી નાખી ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ ઘરની અંદરની તીજોરી,કબાટ સહિત લોકર તોડી નાખી સોનાની બુટ્ટી સહિતના દાગીના અને રૂપિયા ૪૦ હજારની રોકડ ની ચોરી કરી લીધી હતી. જયારે આ તસ્કર ટોળકીએ આજ સોસાયટીના અન્ય એક રહીશ મીનેશાઈ રાઠોડના બંધ બંગલાને નિશાન બનાવી ઘરના પાછલા



દરવાજાનું તાળુ-નકુચો તોડી નાખી ઘરમાં પ્રવેશી રોકડ સહિતની મત્તા ચોરી લીધી હતી. અંદાજે દોઢ લાખ રૂપિયાની રોકડ સહિત દર દાગીના ની ચોરીની આ ઘટનાએ નગરમાં ચકચાર મચાવી હતી બે બંધ મકાનમાં ધીંગી ચોરીની ખેપ મારી તસ્કરો ફરાર થતા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી

# સર પી.ટી.સાયન્સ કોલેજ, મોડાસાના SSIP કેન્દ્ર દ્વારા મોબાઈલ ઉર્જા પ્રદર્શનનું આયોજન

## સોલાર બાઈસીકલ તથા સોલર કારના પ્રોજેક્ટને રજૂ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૫

મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ,મોડાસા સંચાલિત સર પી.ટી.સાયન્સ કોલેજના SSIP ઈક્યુબેશન સેન્ટર અને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી જેડા ગાંધીનગર તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે મોબાઈલ ઉર્જા પ્રદર્શન મોડાસાના ગ્રીન કોલેજ કેમ્પસમાં સાયન્સ કોલેજના પ્રભારી મંત્રીશ્રી સુરેન્દ્રભાઈ શાહના વરદહસ્તે ખુલ્લુ મુકાયું હતું. આ પ્રસંગે સાયન્સ કોલેજના પ્રિ. ડૉ.કે.પી.પટેલ તથા તજજ્ઞ તરીકે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર થી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આવનારી પેઢી માટે ઉર્જા તથા ક્લાઈમેટ ચેન્જના ગંભીર પ્રશ્નોની સમજણ તથા ઉકેલ માટે યુવાધન જાગૃત થાય તે હેતુ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. કોલેજના SSIP કેંદ્ર દ્વારા નવતર પ્રયોગો હાથ ધરવામાં આવે છે અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. કેન્દ્રમાં નોંધાયેલ ઓવેશ ડોડીયાના સોલાર બાઈસીકલ તથા સોલર કારના પ્રોજેક્ટને રજુ કરવામાં આવેલ



હતો. આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન દેશના યુવાનો SSIP કેંદ્ર દ્વારા સિધ્ધ કરે તેવા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ નવતર પ્રોજેક્ટને જેડા દ્વારા વિશેષ માર્ગદર્શન અને સહાય મળે તે માટે દરખાસ્ત કરવામાં આવશે. આ પ્રદર્શનનો લાભ અરવલ્લી જિલ્લાની એન્જિનિયરિંગ કોલેજોના વિદ્યાર્થીઓ, સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ અને મોડાસા ઔદ્યોગિક વસાહતના સભ્યોએ લીધેલ હતો. સમગ્ર પ્રદર્શનનું આયોજન SSIPના સંયોજકો 'ડૉ. સંજયભાઈ વેદિયા અને પ્રા. ગિરીશ વેકરીયા' દ્વારા કરવામાં આવેલ. સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓની ટીમે પ્રદર્શન માટે ખૂબ જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર મોદી તથા હોદ્દેદારોશ્રીઓ ધ્વારા પ્રદર્શનને શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી.

## અવસાન નોંધ...



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના હર્ષદભાઈ (ગોપાલ) ભીખાભાઈ પટેલ(પૂર્વ ચેરમેન : આકરૂન્દ દૂધ મંડળી)નું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.